Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

સ્તુતિ અને ઉપાસના

આપણને કંઇક જોઇયે છે અને તે માટે આપણે સ્તુતિ કરીએ છીએ. પણ એકલી સ્તુતિથી ફાયદો થાય નહિ; ઉપાસના કરવી જોઇએ અને એ ઉપાસનાનો આધાર જેની ઉપર છે તે અધિષ્ઠાન-શરીર સુંદર અને લાંબું પહોંચે તેવું હોવું જોઈએ. આજે તો આપણે શરીરને મોંઘું બનાવ્યું છે. કોઈનેય ખપ આવે નહિ તેવું બનાવ્યું છે; લાંબું ટકે નહિ તેવું બનાવ્યું છે. ઉપાસના કેમ કરવી તેની આપણને ગમ નથી. ઉપાસના માટે પણ તાલીમ જોઈએ. અને એટલા માટે કહ્યું છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય વગર ઉપાસના થઇ શકે નહિ. પણ આપણે આજે દિશા ભૂલ્યા છીએ. આપણે આપણા જીવનની પ્રાથમિક જરૂરિયાતોને મેળવવા સ્વાવલંબી બનવું જોઇએ અને એનાથી સંતોષ માનવો જોઇએ.

શ્રી રવિશંકર મહારાજ

પુસ્તક ૫૭
અંક ૮

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

જયેષ્ઠ
સં. ૨૦૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

विषयानुक्रम

૧	શ્રી મહાવીર વાણી		૧૦૯
૨	મહાન યોગી પ્રભુ મહાવીર અને ઉપસર્ગો	(મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૧૧૦
૩	સુખી જીવનનાં સાધનો	(વિ. મૂ. શાહ)	૧૧૧
૪	જીવન અને તત્વજ્ઞાન	(પ્રાધ્યાપક જયંતીલાલ ભાઈશંકર દવે)	૧૧૪
૫	નિત્ય જન્મ મૃત્યુ	(શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર)	૧૧૮
૬	માનવ સંસ્કૃતિ અને મહાવીર	(અનુવાદક શ્રી હિંમતલાલ ર. યાજ્ઞિક)	૧૨૧
૭	સ્વીકાર		૧૨૪

વાર્ષિક ઉત્સવ

આ સભાનો ૬૪ મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર જેઠ સુદી ૨ ને શુક્રવાર તા. ૨૭–૫–૬૦ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સવારમાં શ્રી તાલધ્વજગિરિ ઉપર સ્વ. શેઠ શ્રી મૂળચંદ નથુભાઈ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી. તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઈ તરફથી મળેલી આર્થિક સહાય તથા તેમના ધર્મપત્ની હરકોરબ્હેને આપવાની રકમના વ્યાજવડે સભાસદ બંધુઓનું તથા યાત્રિક ભાઇઓનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે સભાસદ બંધુઓએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

વિદ્યાર્થીની જૈન સ્કોલરશીપ

માર્ચ ૧૯૬૦માં લેવાયેલ સેકંડરી સ્કૂલ સર્ટિફિકેટની પરીક્ષામાં સૌથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબૂલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને રૂપિયા સવા બસોની " શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશીપ " આપવામાં આવશે. આ સ્કોલરશીપ એક વિદ્યાર્થીનીને આપવામાં આવે છે. નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાળીયા ટેંક રોડ–મુંબઈ ૨૬ની ઑફિસેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી જુલાઇ ૧૯૬૦ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री आत्मानंद प्रकाश

વર્ષ ૫૭ મું] જયેષ્ઠ તા. ૧૫-૬-૬૦ [અંક ૮

શ્રી મહાવીર-વાણી

जं इच्छसि अप्पणतो जं च ण इच्छति अप्पणतो ।
तं इच्छ परस्स वि मा एत्तियग्गं जिणसासणयं ॥ (बृहत्कल्प भाष्य.)

જે તું તારે માટે ઇચ્છે છે, તેની બીજાને માટે પણ ઇચ્છા કર. જે તું પોતાને માટે નથી ઇચ્છતો, તેની બીજાને માટે પણ ઇચ્છા ન કર. બસ, જિનશાસનનો સાર આમાં જ છે.

सव्वे जीवा वि इच्छंति जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं निग्गंथा वज्जयंति णं ॥ (दशवैकालिक.)

બધા જીવો જીવવા ઇચ્છે છે, કોઈ મરવા ઇચ્છતું નથી. તેથી નિર્ગ્રન્થમુનિઓ પ્રાણીવધ કરવાનું છોડી દે છે.

मुसावाओ य लोगम्मि, सव्वसाहूहिं गरहिओ ।
अविस्सासो य भूयाणं तम्हा मोसं विवज्जए ॥ (दशवैकालिक.)

અવિશ્વાસનું કારણ હોવાથી સંસારમાં અસત્ય બધા પુરુષો દ્વારા નિન્દાપાત્ર ઠરાવાયું છે, તેથી અસત્યનો ત્યાગ કરવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાન યોગી પ્રભુ મહાવીર અને ઉપસર્ગો

(લેખક—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)

પર્યુષણ પર્વને એક દૃષ્ટિએ શ્રી વીરજયંતિ કહી શકાય. પર્યુષણના આઠ દિવસમાં આસન્નઉપકારી, અદ્દભૂત ત્યાગી અને મહાન યોગીના જીવનનો વિચાર કરવામાં આવે તો એથી સ્વપરને સારો આત્મલાભ થવા સંભવ છે.

પર્યુષણ-શ્રી વીર જયંતી પ્રસંગે આપણે શ્રી મહાવીર જીવનનો ખૂબ અભ્યાસ કરીએ. એ મહાન પુરુષનાં જીવનમાં એવા એવા પ્રસંગો બન્યા છે કે એનો જેમ જેમ બારીકાઈથી અભ્યાસ કરીએ તેમ તેમ તેમાંથી અદ્દભૂત રહસ્ય મળી આવે તેમ છે.

વર્તમાન પદ્ધતિ પ્રમાણે શ્રી વીર પરમાત્માના જીવનના જુદા જુદા પ્રસંગો પર વિચાર કરવાથી આપણા આદર્શો કેવી રીતે સ્પષ્ટ થાય છે અને આપણો જીવનપ્રવાહ કેવો સરલ થતો જાય છે તે આપણે આગળ જોઈશું. કોઈપણ વ્યક્તિનો જીવન–પ્રવાહ એની આસપાસ એકઠા થયેલા વાસના, સંસ્કાર વિગેરે અનેક બાબતો પર આધાર રાખે છે અને કેટલાક જીવો સુસાધ્ય કોટિના હોય છે.

શ્રી વીર પરમાત્માના જીવનના પૂર્વભવના અનેક પ્રસંગો વિચારતાં જીવનને વિવિધ દિશાઓથી સમજવાની, ચર્ચવાની અને જીવનમાં ઉતારવાની જરૂર છે. વીર પ્રભુનું ચરિત્ર બહુ ઉપયોગી દૃષ્ટાંત પૂરું પાડે તેમ છે. પ્રત્યેક જૈન પોતાના જીવનને જીવનપ્રસંગો સાથે વણી દે, તેમાંથી રહસ્ય નીપજાવે, અને આપણો જીવનપ્રવાહ કેવો સરલ થતો જાય તે આગળ જોશું. શ્રીવીરનો આત્મવિશ્વાસ રાજ્યરૂદ્ધિનો ત્યાગ કરી સંસારની અનેક લાલચોને ઠોકરે મારી વડીલભાઈનો અતિ આગ્રહ હોવા છતાં આત્મવિકાસ સાધવાની સાપેક્ષ દૃષ્ટિએ ૩૦ વર્ષની યુવાન વયે જ્યારે પરમાત્મા ઘરબારને છોડીને જંગલમાં ચાલ્યા જાય છે અને એમનાં આત્મનિર્ણય અને સાધ્યપ્રાપ્તિના માર્ગમાં દૃઢ નિર્ણય કરે છે. આત્મવિશ્વાસ કેટલો મજબૂત ! ઘોર જંગલમાં ધ્યાનસ્થ દશામાં એકાગ્રતા કર્યા વગર એની પ્રાપ્તિ થઈ શકતી નથી તેવામાં ગોવાળીયો જુએ તો બળદો દેખાય નહિ. એ તો બળદને શોધવા ચાલ્યો પણ પત્તો ન લાગ્યો.

દૃષ્ટિ તેવી સૃષ્ટિ–ગોવાળીઓ સવારે પાછો ફરે ત્યાં તેણે તે જ બળદોને પ્રભુની નજીકમાં વાગોળતાં જોયાં અને પ્રભુ ઉપર શંકા થઈ. જાડી બુદ્ધિવાળો તે ખેડુત ગુસ્સામાં આવીને પ્રભુને મારવા દોડ્યો. આપણે જરા વિગત જોઇ લઈ પછી ગોવાળીઆને વિચારીએ. ગઈ કાલે જ પ્રભુનું દીક્ષાકલ્યાણક ઇંદ્રે ઉજવ્યું હતું. ભગવાનનો મહાત્યાગ નજરે નિહાળ્યો હતો. સર્વરૂદ્ધિને ઠોકરે મારીને વસ્ત્રનો તેમજ અલંકારોનો ત્યાગ કર્યો ને પંચમુષ્ટિથી લોચ કર્યો. ગુણાનુરાગીને ચિંતા આવી સ્વાભાવિક છે. ગોવાળીઆને હવે સાન આવી ને તે શરમાઈ ગયો. ત્યાંથી ચાલ્યો ગયો. પ્રભુ મહાવીરસ્વામી બાર વર્ષ સુધી ભયંકર ઉપસર્ગો થવાના છે તે ઉપસર્ગો સહન કર્યા. આત્મશ્રદ્ધામાં ઓજસ હોય છે ને તે તાત્કાલિક લાભ કરનારા છે.

ચારિત્રના ઘડતરમાં આત્મવિશ્વાસ એ અપૂર્વ વસ્તુ છે. જેને પોતાની જાત ઉપર પૂર્ણ વિશ્વાસ છે તે આદરેલ કાર્ય પાર પહોંચાડી શકે છે. મહાવીર પ્રભુ શક્તિશાળી છે. અનંત વીર્યનો ધણી છે એમ માનીને જ ચાલે છે. આત્મવિકાસ અને આત્મનિર્ણય જીવનમાં ઓતપ્રોત બનાવી દે છે, ને સહનશીલતા એ મહાનુભાવી બતાવી શક્યા છે. ધન્ય છે પ્રભુ મહાવીરને અને તેના ઉપસર્ગોને !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખી જીવનનાં સાધનો

વિ. મ. શાહ

(અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૦૮ થી)

(૩) પ્રસન્નચિત્ત અને આનંદી સ્વભાવ

આ પણ સુખી જીવન ગુજારવાનું એક કારણ છે. જીવનમાં શોક અને હર્ષના પ્રસંગો વારંવાર આવે છે, તે વખતે મન ઉપર અંકુશ રાખવો એ એક મહત્વનો ગુણ છે. સામાન્ય વિશેષ લાભના પ્રસંગે હર્ષઘેલા થવું અને હાનિ કે નુકશાનના પ્રસંગે દુઃખી થવું એ જીવનને દુઃખમય બનાવનાર છે. શાસ્ત્રકારોએ આ બન્નેને પાપસ્થાનક ગણેલા છે, રતિ અને અરતિ એ બન્ને પાપસ્થાનકોનું સ્વરૂપ સમજવા જેવું છે. જીવ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે, ત્યાં તેને અનુકૂળ તથા પ્રતિકૂળ સંજોગોની પ્રાપ્તિ થાય છે, ઈષ્ટ અને અનિષ્ટનો સંયોગ-વિયોગ થાય છે. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ અને અનિષ્ટ વસ્તુના વિયોગ-પ્રસંગે જીવને હર્ષ થાય છે. અનિષ્ટની પ્રાપ્તિ વખતે અને ઈષ્ટના વિયોગ વખતે તેને શોક થાય છે અને આર્ત્ત રૌદ્ર ધ્યાનમાં સમય ગુમાવે છે. આવી રીતે જીવન ગાળનારનું જીવન સુખી હોતું નથી. આવા તમામ પ્રસંગો પ્રાપ્ત થાય ત્યારે મન ઉપર કાબૂ રાખવાથી જ પ્રસન્નચિત્ત નામનો ગુણ આપણે મેળવી શકીએ છીએ.

શ્રીમંત, મધ્યમ વા ગરીબ સ્થિતિમાંથી પસાર થતા કુટુંબોમાં બનતા રોજબરોજના પ્રસંગોનું બારીક રીતે અવલોકન કરવામાં આવશે તો કંઇ ને કંઇ અંશે કુટુંબના માણસોમાં અને કુટુંબની મુખ્ય વ્યક્તિમાં અરતિ દશ્યમાન થશે.

આ પ્રસંગે પ્રસન્નતાનો ગુણ ખીલેલો હશે તો તેને કુટુંબમાં બનતા બનાવો એક નાટકરૂપ લાગશે અને તેમાંથી પણ તે આનંદ મેળવશે. એટલું જ નહિ પણ કર્મબંધના નિમિત્ત પ્રસંગે પણ તે પ્રસન્નચિત્તથી કર્મબંધના કારણોનો નાશ કરશે. અહિં તેવા ગુણની કિંમત છે. જીવનને સુખી બનાવવામાં આ ગુણની ખાસ જરૂર છે. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં પણ મનનું સમતોલપણું ટકાવી રાખી પ્રસન્નચિત્ત રાખવાનો ગુણ કેળવવાની ખાસ જરૂર છે.

(૪) દયાળુ સ્વભાવ

જીવનને સુખમય બનાવવામાં દયાળુ સ્વભાવની પણ જરૂર છે. કઠોરતા જીવનને વિષમય બનાવે છે. દયાળુતા જીવનને અમૃતમય બનાવે છે. દયાના ઘણા પ્રકારમાંથી ગૃહવ્યાપારના અંગે ફક્ત સ્વદયા અને પરદયાના સ્વરૂપની વિચારણા જ જરૂરી છે. જ્ઞાની પુરુષોની એવી માન્યતા છે કે જેઓ સ્વદયા પાળી શકે નહિ તેઓ પરદયા પણ બરોબર પાળી શકશે નહિ. સર્વધર્મમાં દયા બતાવેલી છે અને દયાને ધર્મનું મૂળ ગણેલું છે. એ દયાના હેતુનો વિચાર કરશું તો તે પરના માટે જ જણાશે. સમાજમાં દયાનો ઉપયોગ બીજાઓ પ્રત્યે, તેમાં મુખ્યત્વે કરીને આપણાં કરતાં ગરીબ, અનાથ અને દુઃખી મનુષ્યો પ્રત્યે આપણે કેવી રીતે વર્તવું એ બતાવવા માટે જ છે એમ લાગે છે. ત્યાં સ્વદયાનો ઉદ્દેશ જ નથી.

સ્વદયા એ પોતાની દયા છે. પોતાનો બચાવ પાપમય વિચારો અને આચારોથી કરવો એ સ્વદયાનું સ્થૂળ સ્વરૂપ છે. ખરાબ વિચારો તથા આચારોથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અટકવું એ ખરેખરી સ્વદયા છે. જીવન સુખી બનાવવામાં આ ગુણ ઘણો જ મદદગાર થાય છે. ખરાબ પાપમય વિચારો અટકાવવાને સમ્યગ્જ્ઞાનાભ્યાસની જરૂર છે. જેમણે સ્વદયા પાળવી હોય તેમણે હંમેશાં તત્વજ્ઞાનના ગ્રંથોનું વાંચન–મનન કરવું જોઇએ. તેમજ સત્સમાગમ કરવો જોઇએ. એ વિના સારા વિચાર-આચારની પ્રાપ્તિ મુશ્કેલ છે. સારા વિચાર અને આચારની પ્રાપ્તિ થાય તે પછી સારા નઠારા નિમિત્તોના પ્રસંગે કેમ વર્તવું તે કળા જાણવામાં આવશે અને તે જાણવાથી જીવન સુખમય બની શકશે.

પરદયાનું સ્વરૂપ પણ સમજવા જેવું છે. દુઃખી માણસોની દયા ખાવી એટલે તેઓ માટે કરુણાબુદ્ધિ ઉત્પન્ન કરી બેસી રહેવું એમ નહિ, પરંતુ દુઃખી, અનાથ, ગરીબ માણસોને પોતાની શક્તિ મુજબ સહાય કરવી. જે વખતે જેવા પ્રકારની અપેક્ષા આપણને જણાય તે વખતે તે પ્રરારની તેઓને સહાય કરવી અને વચનથી તેઓને દિલાસો આપવો એ ખરેખરી દયા છે. જેઓને ધર્મ તથા નીતિના નિયમોનું જ્ઞાન બરાબર ન હોય તેઓને ધર્મ તથા નીતિનું જ્ઞાન આપવું અને તેઓને ધર્મી અને નીતિમાન બનાવવા એ ભાવ દયા છે. દ્રવ્ય, અનાજ, કપડાં વગેરે ચીજોની સહાય કરી દયા બતાવવી એ તો ઉત્તમ છે જ, તો પણ તત્વજ્ઞાનના બોધના દાનને શાસ્ત્રકારોએ અત્યુત્તમ માનેલો છે. જીવનને આનંદમય બનાવવાનું આ પણ એક શ્રેષ્ટ સાધન છે, કેમકે આ ગુણ ખીલવવાથી સ્વપરનું શ્રેય થાય છે. સમાજસેવા અર્થાત્ સ્વધર્મીવાત્સલ્યનો ગુણ આ ગુણની ખીલવણી ઉપર અવલંબેલો છે. મનુષ્ય જીવનના કર્તવ્યક્રમમાં આને પણ એક કર્તવ્ય સમજી તેને અમલમાં મૂકી પોતાનાં જીવનને આનંદમય બનાવવું.

(૫) સત્ય

જીવનને સુખી બનાવવાની ઇચ્છાવાળાઓએ સત્યાવલંબી થવાની પણ જરૂર છે. જેમ શાસ્ત્રકારોએ સત્ય બોલવા તથા આચરવા ફરમાન કરેલું છે. સત્ય, પ્રિય, હિતકર અને મિતભાષી બોલનાર જગતપ્રિય બની શકે છે. સત્ય બોલનાર ઉપર બધા વિશ્વાસ રાખે છે. સત્ય બોલનારને બીજાની સાથેના પ્રસંગમાં કેમ વાત કરવી, કેવી રીતે વર્તવું વગેરે માટે કોઈ પણ પ્રકારની ગોઠવણ કરવી પડતી નથી. સત્ય બોલવું એ આત્માનો સ્વાભાવિકગુણ છે. સત્ય છુપાવનારને હજારો કુવિકલ્પો કરવા પડે છે અને કોઈવાર પોતાને ભારે આપત્તિ વહોરી લેવી પડે છે. સત્ય બોલનાર આવી સ્થિતિમાંથી મુક્ત છે. સત્ય બોલવાનો નિયમ એ એક દુષ્કર વ્રત છે. સત્ય વચન બોલનાર સર્વત્ર પૂજાય છે, તેનું વચન સર્વમાન્ય થાય છે, સત્ય વચન બોલનારને દેવ, દાનવ કે રાક્ષસ પણ ભય ઉપજાવી શકતા નથી, પણ સત્યના પ્રભાવથી તેઓ તેને વશ થઈ જાય છે અને સત્ય વચન બોલનારની આજ્ઞા માથે ચડાવે છે, તો પછી મનુષ્યોનું શું કહેવું ? ગમે તેવા કઠિન સંયોગોમાં પણ સત્ય, હિતકર વચન બોલવું અથવા પ્રસંગવશાત્ મૌન રહેવું. તેનાથી જીવન સુખમય બનશે. ગમે તેવા કષ્ટના પ્રસંગે પણ જેઓ અસત્ય બોલતા નથી તેઓ જ ધર્મના અધિકારી બને છે, ધર્માભિલાષી જનોએ હંમેશાં સત્ય, હિતકર વચન બોલવાની ટેવ પાડવાનો ઉદ્યમ કરવો જોઈએ. સત્યને ખરા જીગરથી ચહાવું અને સત્ય બોલવાની ટેવ પાડવી એટલે પછી જીવનને સુખમય બનાવવામાં કોઈ પણ પ્રકારની હરકત આવશે નહિ.

(૬) શૌચ–પવિત્રતા

જીવનને સુખા બનાવવાને પવિત્રતા પણ જરૂરી સદ્ગુણ છે. પવિત્રતાના બે પ્રકાર છે. (૧) બાહ્ય પવિત્રતા (૨) આભ્યંતર પવિત્રતા, સુખી જીવન બનાવવાને બાહ્ય પવિત્રતા પણ એક કારણ છે. પોતાને રહેવાની જગ્યા સ્વચ્છ અને સુંદર રાખવી એ વ્યવહારમાં અત્યંત જરૂરનું છે. ઘરને સ્વચ્છ રાખવા માટે ખાસ ખર્ચ કરવાની જરૂર હોતી નથી પણ વધારે ચીવટની જરૂર હોય છે. ઘરમાં અને ઘરની આસપાસ ગંદકી થવા દેવી નહિ. કોઇ પણ જાતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખી જિંદગી ગુજારવાના અનેક કારણો હશે, પણ ઉપરનાં સાત કારણો મુખ્ય છે. એ સાત કારણોનું બરોબર મનન કરી તેનો અમલ કરવામાં આવશે તો જીવન સુખમય બન્યા વગર રહેશે નહિ. આ કારણો મેળવવામાં કશો ખર્ચ કરવો પડે તેમ નથી. માત્ર તેને અમલમાં મૂકવાની ટેવ પાડવી જોઇએ. જો એક વખત તેનો અમલ કરવાની ટેવ પડશે તો પછી તેનું આચરણ કરવામાં હરકત આવશે નહિ.

આજના યુવકોને યુવાવસ્થાની શરૂઆતથી જ આ સાત કારણોનું રહસ્ય સમજાવવું જોઈએ. આ સદ્ગુણો યુવકોના સાચા મિત્ર સમાન છે. જેમને પોતાનું જીવન સુંદર, સુખમય, આનંદમય બનાવવું હોય તેઓએ આ ગુણો ખીલવવા પ્રયત્નશીલ થવું જોઇએ. જ્ઞાની પુરુષોએ બતાવેલા આ રસ્તે ચાલવાથી આપણે સુખી જીવન ગુજારી શકશું એવી દ્રઢ શ્રદ્ધા રાખી તેનો અમલ કરનાર આ ભવ તથા પરભવ સુધારી શકશે. આ ગુણોનો અમલ કરવાથી આત્મિક શક્તિ ખીલશે, આત્મિક શક્તિ ખીલવાથી બાહ્ય મોહક પદાર્થમાં સપડાઇ નહિ જવાય. અને પોતાનો તથા પોતાના કુટુંબનો ઉદ્ધાર થઈ શકશે. આ સદ્ગુણોની ખીલવણીમાં બીજાની મદદની જરૂર નથી, પોતાની જાત ઉપર જ તે આધાર રાખે છે. જીવન સુખી અને સુંદર બનાવવાની ઈચ્છા કોને ન હોય? જો હોય તો આ સદ્ગુણો ઉપર વિચાર–મનન કરો અને જ્ઞાનીઓએ બતાવેલા રસ્તે ચાલો એટલે સુખ કદિ પણ તમારી પાસેથી ખસશે નહિ. ઇતિ શમ્।

જીવજંતુ ઉત્પન્ન ન થાય એ માટે કાળજી રાખવી. કપડાં સ્વચ્છ રાખવા, જ્યાં ત્યાં થૂંકીને કે ડાધા પાડીને ઘર બગાડવું નહિ. વાસણ થોડાં પણ સ્વચ્છ રાખવા. સૂક્ષ્મ જંતુની ઉત્પત્તિ મેલ, ગંદકી કે કચરામાંથી થાય છે અને તેથી અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થઈ આપણને તથા સમાજને નુકશાન પહોંચાડે છે. શરીર પણ પવિત્ર રાખવું તે એવી રીતે કે ખુલ્લી હવા શરીરના છિદ્ર દ્વારા શરીરમાં જઇ શકે.

સ્નાન કરવાનો ઉદ્દેશ ધ્યાનમાં રાખવા જેવો છે. માત્ર અંધશ્રદ્ધાથી શરીર ઉપર પાણી ઢોળી નહાવાથી શરીર પવિત્ર થતું નથી આ જીવનને સુખમય બનાવવા માટે બાહ્ય પવિત્રતાની પણ જરૂર છે. બાહ્ય પવિત્રતાની જેટલી જરૂર છે તેથી વિશેષ આભ્યંતર પવિત્રતાની છે. આભ્યંતર પવિત્રતા ઉત્તમ પ્રકારના સદાચરણથી પ્રાપ્ત થઈ શકે છે. પવિત્ર આચરણ વગરની બાહ્ય પવિત્રતાની કિંમત જગત કરતુ નથી અને જીવન સુંદર બનતું નથી. જીવનને સુંદર, આનંદમય, સુખમય બનાવવાને બન્ને પ્રકારની પવિત્રતાની જરૂર છે.

(૭) દુર્જનપરિહાર

જીવનને સુખી બનાવવા માટે સજ્જનપરિચય અને દુર્જનપરિહારની ખાસ જરૂર છે. જગતમાં સુખી જિંદગી ગુજારવાને ખરાબ સોબતથી દૂર રહેવું જરૂરી છે. વિદ્વાનોનું કથન છે કે હંમેશાં સોબત સારાની જ કરવી, નહિ તો કોઈની પણ ન કરવી. દુષ્ટ માણસની સોબત કરવા કરતાં એકલા રહેવું અનેકગણું સારું છે.

अदत्तादानं अकित्तिकरणं अणज्जं साहुगरहणिज्जं।
पियजणमित्तजणभेद विपत्तिकरणं ॥ (प्रश्नव्याकरण)

ચોરી સમાજમાં અપકીર્તિ કરાવનાર છે, અયોગ્ય કાર્ય છે, સાધુઓથી નિંદા પામેલ છે. તેનાથી બંધુબંધુમાં ફાટફૂટ પડે છે. અને તેનાથી દુઃખમાં વૃદ્ધિ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવન અને તત્ત્વજ્ઞાન

ગયા વર્ષના શ્રાવણના અંકથી ચાલુ

પ્રાધ્યાપક જયંતીલાલ ભાઈશંકર દવે એમ. એ.

જગતનાં દર્શનશાસ્ત્રો બે પ્રકારનાં જ હોઈ શકે. એકતત્ત્વવાદી (Monistic) અને બહુતત્ત્વવાદી (Pluralistic). પૃથ્વી પરનાં દર્શનશાસ્ત્રોનાં નામરૂપ દેશકાળની ભિન્નતાને કારણે ગમે તેટલાં વિવિધ હોય પણ તત્ત્વની દૃષ્ટિએ વિચાર કરતાં તેઓ કાં તો એકતત્ત્વવાદી હોય છે અથવા બહુતત્ત્વવાદી હોય છે. જડવાદ એકતત્ત્વવાદી અથવા એક પ્રકારનું અદ્વૈત છે. તેને આપણે જડાદ્વૈત કહી શકીએ. તેથી ઉલટું સાંખ્યદર્શન, વૈશેષિકદર્શન, ન્યાયદર્શન, યોગદર્શન, જૈનદર્શન બહુતત્ત્વવાદી છે. બૌદ્ધ દર્શનની કોઈ કોઈ શાખા બહુતત્ત્વવાદી છે. વિદ્વાનો માને છે કે બૌદ્ધ દર્શન અદ્વૈતવાદી છે. ખરી રીતે તો બુદ્ધ પોતે દાર્શનિકચર્ચાથી વિરૂદ્ધ હતા. પવિત્ર અને નીતિમય જીવન ઉપર જ તેમનો ખાસ આગ્રહ હતો. હવે આપણે વેદાંત તરફ જરા નજર કરીએ. વેદાંત એટલે વેદ પછીનું લખાણ. ટૂંકામાં ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન વેદાંત કહેવાય. ઉપનિષદોના ઉપદેશ પરત્વે વિદ્વાનો એમ માને છે કે બધાં ઉપનિષદો વેદાંતનો બોધ કરતાં નથી. કેટલાંક ઉપનિષદો સાંખ્યપ્રધાન, કેટલાંક યોગપ્રધાન અને કેટલાંક વેદાંતપ્રધાન છે. વળી કેટલાંક ઉપનિષદો ઈશ્વરવાદી છે તો કેટલાકમાં માયાવાદ અને અજાતવાદ જેવું વેદાંત છે. જેટલા આચાર્ય થઈ ગયા તેમણે પણ પોતાની રુચિ પ્રમાણે ઉપનિષદોનાં ભાષ્યો કર્યાં છે. મધ્વાચાર્યનું વેદાંત તો ઉઘાડી રીતે દ્વૈતવેદાંત છે એટલે બધું વેદાંત અદ્વૈતવાદી છે એમ ન માની લેવું જોઈએ, છતાં પણ શાંકર વેદાંત જ સાચું વેદાંત છે એવી ગેરસમજણ પશ્ચિમના વિદ્વાનોમાં અને અહિં પણ છે. બાદરાયણનાં સૂત્રોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો સ્પષ્ટ જણાઈ આવશે કે તેના વેદાંત દર્શનમાં માયાવાદની ગંધ સરખી પણ નથી. ઉપનિષદ્‌કાળમાં ઋષિઓના જુદાજુદા મતોને અને અનુભવોને દર્શાવતો અને તે બધાને સૂત્રરૂપે ગંઠી લેવાનો પ્રયત્ન બાદરાયણે કર્યો છે. બીચારા બાદરાયણને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે તેના સૂત્રોમાંથી વિતંડાવાદો જન્મશે. વેદાંતના તત્ત્વનિશ્ચય સંબંધે બોધાયન ટંક, દ્રવિડ, ગુહદેવ, કપર્દિન્ અને ભારૂચિ જેવા સમર્થ વિવેચકોનો અભિપ્રાય શંકરથી ઘણે સ્થળે સાવ જુદો જ હતો. આથી સિદ્ધ થાય છે કે શાંકર મત અને બાદરાયણ મત બન્ને એકબીજાથી જૂદા છે અને તદ્દન સ્વતંત્ર રીતે સ્થાપિત કરેલા છે. શંકરે બ્રહ્મસૂત્ર ઉપર શાંકરભાષ્ય લખવા કરતાં સ્વતંત્ર રીતે પોતાનો મત સ્થાપવા પ્રયત્ન કર્યો હોત તો સારું થાત. શાંકરવેદાંત ને બ્રહ્માદ્વૈતવાદ, એકાત્મવાદ, એકજીવવાદ, માયાવાદ વગેરે નામો અપાયાં છે. એકાત્મવાદ જેવા અદ્વૈતની મુશ્કેલીઓ ઘણી છે પરંતુ આ મુશ્કેલીઓને ટાળવા માયાવાદનો આશ્રય લેવાય છે. વાચસ્પતિમિશ્રે સાંખ્ય કારિકામાંના ૧૮મા શ્લોકની પોતાની ટીકામાં સૌથી મોટી મુશ્કેલીનો ઉલ્લેખ કર્યો છે. **तदा खल्वेकस्मिन् पुरुषे जायमाने सर्वे जायेरन्, म्रियमाणे च म्रियेरन् । अंधादौ चैकस्मिन् सर्व एव अंधादयः विचित्ते चैकस्मिन् सर्व एव विचित्ताः स्युः ।** અર્થાત્ જો ખરેખર એક જ જીવ અથવા આત્મા માણસોનાં જુદાંજુદાં શરીરોમાં હોય તો શું પરિણામ આવે ? એકના જન્મથી બધા એકસામટા જન્મે જે અશક્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકના મરણથી બધા એકસામટા મરી જાય કે જે અનુભવમાં નથી જોયું. અલબત્ત કોઈ ધરતીકંપ થાય તો એકસામટા મરી જાય ખરા. એક આંધળો હોય તો બધા આંધળા થઈ જાય અને એક ગાંડો હોય તો બધા ગાંડા બની જાય!

આમ છતાં અદ્વૈતવાદનું આકર્ષણ પૂર્વમાં અને પશ્ચિમમાં ઘણા માણસોને પ્રબળપણે થયું છે અને હજુ પણ થયા કરે છે તેમાં સંદેહ નથી. પરંતુ જે લોકો અદ્વૈતને સ્વીકારે છે તેમને તો પહેલેથી જ એક મોટી સમસ્યાનો સામનો કરવાનો રહે છે. આ સમસ્યા છે એક અને અનેક વચ્ચેના સંબંધની. સત્પદાર્થ–તેને બ્રહ્મ કહો કે આત્મા કહો–તે એક અને અદ્વિતીય છે પણ પ્રતીયમાન દશ્યો તો અનેક છે. આપણે એકત્વને જ સત્ય માની તેનું પ્રતિપાદન કરીએ તો અનેકત્વની સ્પષ્ટ પ્રતીતિ જે થાય છે તેનો શો ખુલાસો છે? માયાવાદ વેદાંતમાં તેનો જવાબ એવો છે કે અનેકતા એ માયા છે. પણ માયા પોતે બ્રહ્મને આશ્રયે છે એટલે કે પોતે સ્વતંત્ર તત્ત્વ નથી. જો આમ જ હોય તો બ્રહ્મમાં પણ માયા આવશે: માયા એટલે અજ્ઞાન. બ્રહ્મ તો જ્ઞાનસ્વરૂપ છે તેમાં અજ્ઞાન કે માયા ક્યાંથી આવ્યાં? માયાને સ્વીકારવાથી એક પ્રકારનું દ્વૈત ઊભું નથી થતું? માયાને સ્વીકારવાથી બ્રહ્મમાં જ્ઞાન અને અજ્ઞાન એવા પરસ્પર વિરુદ્ધ ગુણો નહિ આવે શું? આવી ગહન છે માયાવાદની માયા.

અનેકતા અને વિવિધતા કેવળ ભાસમાન જ છે એમ નથી. એ ખરેખર જ છે. એમ ન હોત તો ગધેડું ઉંટ લાગત અને ઉંટ ગધેડું લાગત! છતાં શંકરાચાર્ય એવી દલીલ કરે છે કે દ્વૈત લોકપ્રસિદ્ધ હોવાથી ગ્રહણ કરવા યોગ્ય નથી. ફક્ત અદ્વૈત જ ગ્રહણ કરવું જોઇએ. જગતની બધી વિદ્યાઓ વસ્તુઓના ભેદજ્ઞાન પર રચાયેલ છે. એક જ વસ્તુ હોય તો કશું જાણવાનું રહેતું નથી. જ્યાં સુધી તત્ત્વજ્ઞાનને લાગેવળગે છે ત્યાં સુધી વસ્તુજ્ઞાનનું મુખ્ય સાધન તો ભાષા છે. વિચારોને વ્યક્ત કરવા માટે ભાષા વપરાય છે. હમણાં યૂરોપ અને અમેરિકામાં સિમેન્ટિક (Sementic) એટલે કે શબ્દાર્થવ્યાપારશાસ્ત્ર અથવા પદાર્થવ્યાપારશાસ્ત્ર ઊભું થયું છે, તે ખરી રીતે ભાષાશાસ્ત્રનો એક પ્રકાર છે. સિમેંટીકના પુરસ્કર્તાઓ ખૂબ સંશોધનોના અંતે એવા નિર્ણય ઉપર આવ્યા છે કે અમુક લાગણીઓને (Feelings=Sensations) બાદ કરતાં એમ ચોક્કસ કહી શકાય કે બધા વિચારો ભાષામાં વ્યક્ત થઈ શકે છે જ. કોઇ એવો વિચાર નથી કે જે અવ્યક્ત રહી શકે. There is no such thing as unexpressed Thought. હવે વિચાર વસ્તુના અનુભવનો જ હોઇ શકે. અનુભવમાં ન આવ્યું હોય તેનો વિચાર જ ન હોઇ શકે. ખુદ વેદાંતના જે મહાવાક્યો કહેવાય છે જેવાં કે **सोऽहं**, **तत्त्वमसि**, **अहं ब्रह्माऽस्मि** આમાં ત્રણે પુરુષોનો વ્યાકરણ દૃષ્ટિએ ઉપયોગ થયેલો છે તે મહાસૂચક છે. સંપૂર્ણ અભેદ સ્થાપવા શંકરાચાર્યે તેના **स्वात्मनिरूपण** નામના પ્રકરણ ગ્રંથમાં આવા મહાવાક્યોનો અર્થ અભેદવાચક ઘટાવવા લક્ષણાનો પ્રયોગ કર્યો છે! પણ લક્ષણા તો કાવ્યાદિમાં શોભે. આ તો તત્ત્વજ્ઞાન છે. તત્ત્વજ્ઞાન વિજ્ઞાન (Science) જેવું ચોક્કસ જ્ઞાન છે. વૈજ્ઞાનિક પ્રયોગોમાં જો વાચ્યાર્થનો ત્યાગ કરીએ તો કેટલું ભયંકર પરિણામ આવે? પણ શંકરાચાર્યને કાવ્ય અને તત્ત્વજ્ઞાનનો અભેદ લાગ્યો હશે કે જેથી અલંકારશાસ્ત્રનો પ્રયોગ તત્ત્વજ્ઞાનમાં અજમાવ્યો.

સાંપ્રદાયિક આગ્રહને વશ થઇ મોટા મોટા આચાર્યો પણ અર્થોના અનર્થો કરી બેસે છે.

ગણિતશાસ્ત્રમાં ખરા સંખ્યાંકો (Real Numbers) અને કાલ્પનિક સંખ્યાંકો હોય છે તેમ તત્ત્વજ્ઞાનના વિષયમાં પણ વસ્તુ અને કલ્પના એમ બન્નેનો વિચાર થાય છે. દાખલા તરીકે માણસ શબ્દનો ઉચ્ચાર કરીએ. હકીકતમાં જગતમાં માણસો છે, વિશિષ્ટ નામરૂપવાળાં માણસો છે પણ મનુષ્ય વર્ગની વ્યક્તિઓથી પર એવું મનુષ્યત્વ નથી. ટૂંકામાં માણસ શબ્દનો ઉચ્ચાર કરીએ ત્યારે તે શબ્દ જાતિવાચક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બને છે. જાતિ સામાન્ય ગુણવાચક છે તેથી જ તેનું ખરૂં સ્વરૂપ સમજવા માટે, જે વ્યક્તિઓ વડે તે બનેલી હોય તેના પર આધાર તેને રાખવો પડે છે. ટૂંકામાં સામાન્ય અને જાતિ એ વ્યક્તિસાપેક્ષ છે. 'મનુષ્ય' એ સામાન્ય છે એટલે તેનું વાસ્તવિક અસ્તિત્વ નથી. દુનીયામાં મનુષ્યો છે, અનુભવમૂલક કલ્પનાથી મનુષ્ય શબ્દ આપણે ઉપજાવ્યો છે. એક સ્પષ્ટ ઉદાહરણ લઈએ. શંકરાચાર્ય માણુસ છે, કેરલ દેશના છે, સમર્થ વિદ્વાન છે, આમ ફક્ત શંકરાચાર્ય શબ્દ જ વ્યક્તિવાચક છે, વિધેયવાચક શબ્દો બધા સામાન્ય વાચક છે. વ્યક્તિની બહાર સામાન્યની વાસ્તવિક સત્તા જ નથી. વળી ઉદ્દેસ્ય અને વિધેયમાં પૂર્ણ અભેદ હોય તો કોઈ વસ્તુનો નિર્દેશ જ ન થઈ શકે. રામ દશરથનો પુત્ર છે આ વાક્યમાં પણ પૂર્ણ અભેદ નથી. જીવ બ્રહ્મ છે એમ જીવ અને બ્રહ્મમાં બન્નેમાં પૂર્ણ અભેદ હોય તો બોલી જ ન શકાય. જો બોલી શકાય તો સ્પષ્ટ થાય છે કે જીવ બ્રહ્મ છે એમ અમુક અર્થમાં સમજવાની સાથે જ અમુક અર્થમાં જીવ બ્રહ્મ નથી જ એમ પણ સૂચિત થાય છે. છેલ્લે **एकं सत्** એમ વેદાંતીઓ શ્રુતિના આધારે બોલે છે ત્યાં 'એક'નો શો અર્થ સાચો હોવો જોઇએ? વધારે ઊંડા ઉતરીને આપણે જોઈશું તો જણાશે કે 'એક'નો વિચાર પણ સામાન્ય જનિત છે, સામાન્ય સાપેક્ષ છે. અનેકનો અનુભવ થાય ત્યારે એક, એક, એક એમ છૂટું પાડી શકાય. એક, એક, એક એમ કરતાં અનેક થાય છે. ટૂંકામાં એક અને અનેક પરસ્પરસાપેક્ષ છે. અને છેવટે 'સર્વ બ્રહ્મ છે' એ વાક્યનો અર્થ પણ સામાન્યવાચક છે. જેમ સર્વ મનુષ્યો મરણશીલ છે એ વાક્યમાં સર્વનો અર્થ જે પ્રમાણે અર્થ કરીએ છીએ તે પ્રમાણે સર્વ બ્રહ્મ છે તેમાં પણ સમજવું. બન્ને વાક્યોમાં સામાન્યની સત્તા કેટલી બધી વ્યાપક છે તે બતાવેલું છે. બ્રહ્મ સર્વથી મોટી અને વિસ્તૃત જાતિ અથવા સામાન્ય છે એટલો જ એનો અર્થ થાય છે. ટૂંકમાં બ્રહ્મનો અર્થ સામાન્યવાચક હોઈ જગત્‌ની તમામ વસ્તુઓના સમૂહરૂપ કે સંગ્રહરૂપ બની જાય છે. ખરેખર જૈન દર્શન વેદાંતની ટીકા કરીને સ્પષ્ટ બતાવી આપે છે કે **वेदांतिनां संग्रहात्** (જુઓ અધ્યાત્મસાર જિનસ્તુત્યધિકાર શ્લોક ૬) એ ન્યાયે આખું વેદાંત દર્શન ફક્ત સંગ્રહનયના દૃષ્ટાંતરૂપ જ બની જાય છે. કોઈ પણ નય સંપૂર્ણ જીવનદૃષ્ટિ નથી તો પછી જીવનના પૂર્ણ તત્ત્વજ્ઞાન માટે સંગ્રહનયતુલ્ય વેદાંતની યોગ્યતા કેટલી ?

જેમ કોઇ પક્ષી પોતાનું માથું જમીનમાં રેતીની અંદર ખોસી દે અને માને કે બહારની દુનિયા જ નથી, કારણ કે તેને પોતાનું પણ વધારાનું શરીર દેખાતું નથી તો પછી બીજું તો ક્યાંથી જોઇ શકે? બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે અને જીવ બ્રહ્મ જ છે એમ માનનાર શાંકર વેદાંતની આવી દશા છે. જો બ્રહ્મ જ હકીકતમાં એક માત્ર સત્પદાર્થ હોય અને બધા જીવો અને બાકીનું જગત્ મિથ્યા હોય અને જીવાત્માઓ બ્રહ્મથી ભિન્ન ભિન્ન માનવાની ભ્રાંતિ કરતા હોય તો પછી સ્વાભાવિક રીતે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બ્રહ્મમાં આવો ભ્રમ ક્યાંથી આવ્યો ? જેમ સ્વપ્નો હોય તો સ્વપ્નોને અનુભવનાર કોઇક હોય જ તેમ ભ્રાંતિ હોય તો ભ્રાંતિને અનુભવનાર જોઇએ. પણ ખરી વાત તો એમ છે કે માયા, સ્વપ્ન, ભ્રાંતિ વગેરે ઉદાહરણોથી બ્રહ્મનો મહિમા વધતો નથી. ઉલટું આ બધાં તો અપૂર્ણતાનાં સૂચક છે. જો બ્રહ્મ પૂર્ણ હોય, તો તે જરૂર નિર્વિકાર પણ હોય અને જો બ્રહ્મ પૂર્ણ અને નિર્વિકાર હોય તો બ્રહ્મ પોતાને માટે એવો વિચાર પણ ન લાવી શકે કે પોતે અનંત અને અપરિચ્છિન્ન સત્તા નથી. દોરડીને સાપ માનવાની ભૂલ અજ્ઞાની માણસ કરે પણ બ્રહ્મ ભ્રાંતિથી માની બેસે કે પોતે જીવાત્મા છે તો પછી જીવની અનેક દુઃખાદિ કલેશોવાળો અને બીજી અનેક ત્રુટિઓવાળો બ્રહ્મ બની જશે. વળી કેટલાક વેદાંતીઓ એમ પણ કહે છે કે જેમ સૂર્ય જળમાં પડેલાં પોતાનાં અનેક પ્રતિબિંબોથી અસ્પૃષ્ટ રહે છે તેમ બ્રહ્મ પણ જીવાત્મારૂપી પોતાનાં પ્રતિબિંબોથી અસ્પૃષ્ટ રહે છે. બિંબ પ્રતિબિંબવાદી વેદાંતનું આ દૃષ્ટાંત તો મૂળથી જ વદતો વ્યાઘાત છે. પાણીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડેલાં સૂર્યનાં પ્રતિબિંબો સૂર્ય નથી તેમજ સૂર્ય એ પ્રતિબિંબ નથી. અલબત્ત બન્ને વચ્ચે સાદૃશ્ય છે અને સાદૃશ્ય દ્વૈત વગર સંભવે નહિં.

છેવટે ટૂંકામાં શાંકરમતવાદી વેદાંતનું સિંહાવલોકન કરીએ. આ મતના મૂળમાં સાધારણ સૈદ્ધાંતિક વિચાર એવો છે કે બંધ, મોક્ષ, જીવ, સંસાર, આ બધું મિથ્યા છે. કોઇ વિવેચક આવાં સિદ્ધાંત પર એવો આક્ષેપ લાવી શકે કે આ સિદ્ધાંત જ પોતે મિથ્યા છે, કારણ કે આ સિદ્ધાંત પ્રમાણે મિથ્યાજીવ મિથ્યાસંસારમાં મિથ્યા બંધમાંથી છૂટકારો મેળવવાનો પ્રયત્ન કરી અંતે મિથ્યા મોક્ષને જ પ્રાપ્ત કરે છે. વળી આ મત પ્રમાણે પાપ પુણ્ય બધું જ મિથ્યા બની જાય છે. એક નિર્વિકાર, અપરિણામી બ્રહ્મ વિકારી જગતમાં પરિણમે પણ તે શા માટે પરિણમે છે એજ એક મોટો કોયડો છે એમ નિખાલસપણે કહેવું પડે છે. કોઈ અચિંત્યલીલા કરવા બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે એવું એવું વેદાંતીઓ બોલે છે પણ આવી વાત તાત્ત્વિક દૃષ્ટિએ સમાધાનકારક નથી.

જીવનશોધનની દૃષ્ટિએ આ વાદનો સૌથી મોટો દોષ-કે જેનાથી તે વાદ સ્વયંખંડિત બની જાય છે-તે એ છે કે જે વસ્તુઓની સત્તાને અને તેમનાં મૂલ્યોને સિદ્ધાંતમાં સ્થાન નથી એ જ વસ્તુઓની સાથે રોજબરોજના જીવનમાં આપણે (આમાં વેદાંતી જરૂર આવી જશે) ફરજીયાત ધડમથલ કરવાની હોય છે. એટલું જ નહિ પણ એ વસ્તુઓ અદૃષ્ટ બ્રહ્મના કરતાં વધારે સત્ય છે એમ માનીને જીવનવ્યવહાર કરવો પડે છે. જગત અને જીવાત્માઓ, આ બન્નેનું અસ્તિત્વ એક રહસ્યપૂર્ણ હકીકત છે જ. તેમને મિથ્યા કહેવાથી તેમનું રહસ્ય ઉકેલી શકાય નહિ. તાત્ત્વિક વિવેચન દૃષ્ટિએ અદ્વૈતવાદ (શાંકર) ગમે તેટલો ત્રુટિવાળો દેખાય છતાં તેની પાછળ કામ કરી રહેલી એક ઉદાત્ત અભેદભાવના રહેલી છે, જેની અસર ભક્તિપરાયણ વેદાંતીઓમાં દેખાઈ આવે છે એમ કબૂલ કરવું જોઇએ. જેમ ઈશુ ખ્રીસ્તે કહ્યું કે "હું અને મારો પિતા (કે જે સ્વર્ગમાં છે) એક છીએ." કોઈ પ્રભુપરાયણ ભક્ત નમ્રભાવે પોતાના સ્વતંત્ર અસ્તિત્વની ના પાડીને ઈશ્વરની જ સત્તા સ્વીકારે છે અને કહે કે હું કાંઈ કરતો નથી, આ બધું ઈશ્વર જ કરે છે તો તેમાંથી એટલું જ ફલિત થાય કે તેનું કર્તાપણાનું અભિમાન નષ્ટ થયું છે. એ જ પ્રમાણે વેદાંતી પણ કહી શકે કે હું છું જ નહિ, બ્રહ્મ જ છે. આ ઉપરથી આપણે એવા અનુમાન પર આવી શકીએ કે અદ્વૈતની પાછળ રહેલી શુદ્ધ સાત્ત્વિક અભેદ ભાવના જીવની અહંકાર વૃત્તિનું શોધન કરે છે. અહંકારથી જે અનેક રાગદ્વેષો ઉત્પન્ન થાય છે તેનો નાશ થાય તો તે ઇચ્છવા યોગ્ય ગણી શકાય. અહંકારના નાશથી જ વીતરાગત્વનો સૂર્ય ઉદિત થઈ શકે.

चेतोहरा युवतयः सुहृदोऽनुकूलाः, सद्बान्धवाः प्रणतिनम्रगिरश्च भृत्याः।
गर्जन्ति दन्तिनिवहास्तरलास्तुरंगाः, संमीलने नयनयोर्नहि किञ्चिदस्ति ॥

(પુષ્પિતાગ્રા)

અનુકૂળ સુહૃદો સુશીલ નારી, સુખકર સેવક બંધુવર્ગ ભારી
રથ હય ગજ સાજ સુખદાયી, નયન મિંચાય પછી ન કોઇ ભાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિત્ય જન્મ મૃત્યુ

લેખક—શ્રી બાલચંદ હીરાચંદ, સાહિત્યચંદ્ર

દરેક માણસ જાણે છે કે, આપણે જન્મ લીધો છે. અને એક દિવસ એવો ઉગવાનો છે કે જ્યારે આપણે મરણને શરણ થઈશું. જન્મ અને મરણનું એ ચક્ર આપણને અનાદિ કાળથી વળગેલું છે. અને એ ક્યારે પૂરું થવાનું છે એનું આપણને ભાન સરખું પણ નથી. મરણ એટલે એક શરીર છોડી બીજું શરીર ધારણ કરવુ અને નવું જીવન શરૂ કરવું, એટલે નવો જન્મ લેવો. એ જન્મમરણના ફેરામાંથી છૂટા થવા માટે જુદા જુદા તત્ત્વજ્ઞાનીઓએ જુદા જુદા માર્ગો બતાવેલાં છે. અને દરેક માર્ગ અંશતઃ તે તે દૃષ્ટિથી સાચા પણ હોય છે. જ્યારે કેટલાએક વરસો પછી માણસ મૃત્યુવશ થાય છે ત્યારે તેણે પ્રાપ્ત કરેલું શરીર સર્વથા નાશ પામે છે, પણ આ જડ શરીરનું નિત્ય અંશતઃ મૃત્યુ થાય છે તેનો આપણે વિચાર સરખો પણ કરતા નથી. દરેક દિવસે તો શું પણ દરેક ઘડીમાં કે પળમાં પણ આપણા શરીરના કેટલાએક અંશો નષ્ટ થાય છે અને નવા નવા અંશો તેની જગ્યા લીધા કરે છે. આ અંશતઃ થતા મૃત્યુને આપણે જરા અમર ઘડપણનું નામ આપીએ છીએ. વાસ્તવિક જોતાં આ એકદમ નહીં જોવામાં આવતું મૃત્યુ જ છે. એકેક દિવસ જાય છે અને આપણે એક દિવસનું ઘડપણ અનુભવીએ છીએ અને મૃત્યુને એક દિવસ નજીક કરીએ છીએ. એટલે જ અમો કહીએ છીએ કે, આપણે નિત્ય જન્મ અને મૃત્યુનો અનુભવ લઈએ છીએ. અને અસ્તમાન થએલો દિવસ ફરી આવવાનો નથી એ સિદ્ધ થએલું આપણે જોઈએ છીએ.

દિવસ ઊગે છે અને નવો ઉત્સાહ અને નવી ઉમેદો તેમજ નવા કાર્યક્રમો આપણે ગોઠવીએ છીએ. પણ ઘણી વેળા એ આપણા કાર્યક્રમો જ્યાં ને ત્યાં અસ્ત પામી જાય છે. પહેલાં આપણે કેવા કેવા સંકલ્પો કરેલા હતા તેનું સ્મરણ થતાં આપણે પશ્ચાત્તાપ અને નિરાશા અનુભવીએ છીએ. ઘણા દિવસની રજા પડે છે અને વિદ્યાર્થી અનેક પ્રકારના અભ્યાસક્રમો ને રજાના દિવસોમાં પૂરા કરવાનો મન સાથે નિશ્ચય કરે છે. પણ રજા પૂરી થતાં તે બધા સંકલ્પો હવામાં ઉડી ગએલા હોય છે. રહે છે પાછળ ફક્ત પશ્ચાત્તાપ ! આપણી પણ સ્થિતિ ઘણી વખત એવી જ થતી અનુભવાય છે. આપણે આવતી કાલે અમુક ધર્મકૃત્ય કરીશું, અમુક વ્રત જેવાં કે ઉપવાસ, આયંબીલ વિગેરે કરી દિવસ સફલ કરીશું એવું ધારીએ છીએ. અને બીજે દિવસે તે નિષ્ફળ થતો જોઇએ છીએ. અને એમ થવાના કારણોની અનેક છટકબારીઓ શોધી કાઢીએ છીએ. આવી છે આપણી સ્થિતિ ! દૃઢતા અને સંકલ્પની પૂરી નિષ્ઠા આપણામાં ઘણી ઓછી જોવામાં આવે છે. આવા તો કેટલાએ દિવસો આપણે ખોઈ દીધા છે. અગર નિરાશામાં ફેરવી નાખ્યા છે. કહો કે, આપણે એટલા જન્મો એળે ગુમાવ્યા છે. એક શીત્તેર વરસના જ્ઞાની મહાત્માને કોઇએ પૂછ્યું. મહારાજ ! આપની ઉમર કેટલી ? ત્યારે તે મહાત્માએ જરા વિચાર કરી જણાવ્યું કે, મારી ઉમર હજુ સાત વરસની પૂરી નથી થઈ. પેલો માણસ એ સાંભળી આશ્ચર્યમાં પડી ગયો અને ફરી પૂછવા માંડ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહારાજ! આમ કેમ બોલો છો? મને તો આપની ઉમર શીત્તેર વરસની થએલી જણાય છે. ત્યારે આપ પૂરી સાત વરસની પણ નથી એમ જણાવો છો, એનો અર્થ શું? મહારાજે જણાવ્યું: હું સાચું કહું છું. મેં બાલ્યાવસ્થા તો મોજશોખમાં પૂરી કરી. મનુષ્ય જન્મ મને શા માટે મળ્યો છે અને મારું કર્તવ્ય શું છે તેનું મને ભાન સરખું પણ નહીં હતું. એ કાળ તો મેં રમત, ખેલ, કુતુહલ અને માબાપને મારા પોતાના સુખ માટે કનડવામાં જ ગુમાવ્યો. વડીલોના ઉપદેશો તો ઉડાડી જ દીધા. ભણવામાં મેં આળસ કર્યું. ભણવાનો ઉપદેશ કરનારા વડીલો અને ગુરુજનોને મેં મારા શત્રુ માન્યા. ખોટી માંદગી ઊભી કરી ભણવાનું મેં ટાળ્યું. ધર્મક્રિયાને મેં નકામી માની. આમ અનેક રીતે મેં પોતાના જીવનના ઉત્તમ વર્ષો વેડફી નાખ્યા. અર્થાત મારો બાલકાળ નિષ્ફળ જ ગયો. એ વરસોની ગણત્રી મારા જીવનમાં હું શી રીતે કરું?

યુવાવસ્થામાં યૌવનની મસ્તીમાં ઐહિક સુખ-સગવડોને જ મેં ધ્યેય માન્યું. મોજશોખ અને ઇંદ્રિયોને રંજન કરવામાં જ મેં જન્મનું સાર્થક્ય માન્યું. શરીર અને એનચાળાના પોષણમાં મેં આનંદ માણ્યો. ઉપભોગ એ મુખ્ય વસ્તુ માની. અનેક જાતના ભોગવિલાસમાં મેં પોતાનું યૌવન વેડફી નાખ્યું. દ્રવ્ય કમાવવું અને ફાવે તેમ તેને ઉડાડી નાખવું એ જ કાર્ય રાતદિવસ ચાલુ રાખ્યું. જે કાળમાં મન ઉપર કાબુ રાખી ઊંચી કોટીનું અધ્યયન કરી ધર્મતત્વોનું ચિંતન કરી યથાશક્તિ પૂજા, પ્રભાવના, વ્રત, નિયમો આચરી આગામી જીવન સરળ અને ધર્મવિહિત કરવું જોઇએ તે ન કર્યું. અને જ્યારે અનિયમિત અને અનુચિત ખાનપાન અને આચરણમાં મસ્ત રહેતા શક્તિ ક્ષીણ બની, ઇંદ્રિયોએ પોતાનું કાર્ય કરવામાં પણ આનાકાની કરવા માંડી ત્યારે મનમાં વિચાર આવવા માંડ્યા કે હવે ધર્માચરણ અને કાંઇક સંયમી જીવન જીવવું જોઇએ. પણ એ વિચાર ઘણા મોડા પડ્યા.

કાન સાંભળવા ના પાડવા માંડ્યા. આંખો બંધ રહેવામાં જ સમાધાન માની જોવા ના પાડવા માંડી. જીભ ખરા ઉચ્ચારો કરવા મથે પણ એ થાય જ કેમ? આમ ચોતરફથી સંકટો ઉતરવા માંડ્યા. ધાર્યું કાર્ય આજનું આવતી કાલ ઉપર મૂકવું પડે. વ્રત પચ્ચખાણ કરવા મુશ્કેલ થઇ પડ્યા. હાથ પગ અને માથું ધ્રૂજવા માંડ્યા. ત્યારે હવે શું થઇ શકે એમ વિચાર આવ્યો.

આવી અવસ્થામાં જે કાંઈ શુદ્ધ આચરણા થઇ શકી તેનો સંગ્રહ કરવો ઉચિત ધાર્યો પણ એનો સરવાળો કેટલો થાય? બીજું ઉંઘ, ભોજન, વિસામો વિગેરે અનેક કારણોને લીધે ઘણો કાળ ખોવો પડે. એમ કરતાં આ સીત્તેર વરસની ઉમરમાં છ સાત વરસો જ મારી ગણત્રીમાં આવ્યા. તેથી જ મેં કહ્યું કે મારી ઉમર હજુ સાત વરસ જેટલી પૂરી થઇ નથી. જગતમાં હું જોઉં છું કે મારા કરતા પણ જીવનનો ઘણો કાળ વેડફી નાખનારા લોકો જગતમાં ઘણા છે. એટલું જ નહીં પણ પોતાનું આખું જીવન ખોઈ નાખી અમૂલ્ય માનવદેહ ખોઇ બેસનારાઓ ઘણા જોવામાં આવે છે. યુવાનીમાં ખાનપાન અને ઇંદ્રિયો ઉપર કાબૂ નહીં રાખવાથી તેઓ વૃદ્ધાવસ્થામાં કાંઇ પણ કરી શકે એવી સ્થિતિ રહેતી નથી. અનેક રોગો પોતાનો અડ્ડો ઘણાઓના શરીરમાં કરી બેઠેલા હોય છે અને શરીર મરણની જ રાહ જોતું હોય છે. જરા અને રોગો પોતાનું રહેઠાણ જે શરીરમાં કરી બેઠેલા હોય તેની સામે મિષ્ટ, રસભક્તિ અને સ્વાદુ ભોજન નકામું થઇ પડે છે. બધું સાધન હાજર છતાં ફક્ત છાશ ઉપર કે બાજરાના રોટલા ઉપર જીવન ગુજારવું પડે છે. એવો માણસ ધારે તો પણ ધર્માચરણ શી રીતે કરી શકે?

અનેક જન્મો એવી રીતે વ્યર્થ ગુજારનારા આપણે છીએ એમ માનવામાં હરકત નથી. ત્યારે આપણે નિત્ય સુઇ રહીએ છીએ તેને એક અલ્પ સરખું મૃત્યુ ગણી જાગીએ તેને નવો જન્મ ગણીએ એમાં ખોટું શું છે? એ બાર કલાકના અલ્પ જીવનનો જો આપણે યોગ્ય ઉપયોગ કરીએ તો ઘણું કાર્ય આપણા હાથે થઇ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોજ નવો જન્મ મળે અને રોજ શાંત રીતે મૃત્યુને ભેટીએ. કેવી સુંદર કલ્પના ! કેટલો આનંદ ! આમ માનવામાં આવે ત્યારે મૃત્યુનો ડર કોને લાગે ? કારણ એ તો રોજની આદત જેવું થઈ પડે. પણ એવી શાંત નિદ્રા કહો કે થોડા કલાકનું મૃત્યુ શી રીતે આવે ? પેટમાં પૂરતું અન્ન અને પાણી હોય, શરીર સ્વસ્થ હોય અને સાથે સાથે આપણા મનને કોઈ જાતની ચિંતા ન હોય અને દિવસમાં આપણા હાથે સત્કૃત્ય થએલું હોય અને તેથી થનારા આનંદની કાંઈક ઊર્મિઓ જાગતી હોય તો ! આપણા હાથે કાંઈક પાપ થએલું હોય, કોઈનું ભુંડું થએલું હોય, કોઇને આપણે દુભવેલું હોય તો આપણા નિત્ય મૃત્યુની સુખનિદ્રા કયાંથી મળે ? તેથી તો આપણા માટે અસ્થિરતા, કુવિચારોની ગિરદી અને દુઃસ્વપ્નો રાહ જોતાં હોય. આપણી ઊંઘ બગડે, ચિંતા વધે, સાથે સાથે અપચન થઈ શરીરમાં ધીમે ધીમે વ્યાધિઓ પોતાનું ઘર કરી બેસે અને પરિણામે આપણા કેટલાએક દિવસો અને રાત્રિઓ બગડે. એમ આપણે જો એક દિવસના જન્મ અને મૃત્યુની ફીકર નહીં રાખીએ તો આપણા અઠવાડીયા બગડે, મહિનાઓ બગડે અને વર્ષો પણ બગડે. કહો કે આપણું આખું જીવન બગડતા આપણો ભવ બગડે. એવું છે પરિણામ એક દિવસ બગાડવાનું ! નાની ભૂલ નહીં સુધારીએ તો ઘણી ભૂલોનો તેમાંથી જન્મ થાય છે, પરંપરા વધે છે અને પછી તો ગુનાઓ થાય છે અને એવા ગુના જ ભવ બગાડે છે અને જન્મમૃત્યુની પરંપરા વધે છે; માટે જ અમો કહીએ છીએ કે, નિત્ય જન્મ સુધારતા આપણે શીખવું જોઇએ અને તો જ આપણું નિત્ય મૃત્યુ સુધરે.

અંતે મતિઃ સા ગતિઃ એટલે મૃત્યુસમયે જેવી ભાવના જાગેલી હોય તેવું જ મૃત્યુ આવે. અને આગળના ભવ માટે તેવી જ સામગ્રી પ્રાપ્ત થાય. રાતમાં સૂતી વખતે શાંત અને વિકારરહિત સુખનિદ્રાની ઈચ્છા રાખતા હોઇએ તો દિવસના તે માટેની સામગ્રી મેળવી લેવી જોઇએ. મૃત્યુની છેલ્લી ઘડીએ સારી ભાવના જાગે, પ્રભુદર્શનની અને તેમાં તન્મય થવાનું હોય તો તે માટે પૂર્વ તૈયારીની ખાસ જરૂર છે. સારી મતિ કાંઈ આકાશમાંથી ઉતરી આવવાની હોતી નથી. મૃત્યુ સુધારવું હોય તો તે માટે વરસોથી પૂર્વ તૈયારીની જરૂર છે. શુભ મતિ અને શુભ ભાવનાની નિત્ય ટેવ પડેલી હોય, ખોટા વિચારો આવતાં જ ન હોય, એવો સ્વભાવ જ થઈ ગએલો હોય તો જ અંતસમયે સારી મતિ સુઝે. પણ સારી ભાવનાઓ અને શુભમતિ આપણે કોઈ દિવસ કેળવી જ ન હોય તો અંતસમયે સારી બુદ્ધિ કયાંથી આવી ઊભી રહે ? લગ્નનો ઉત્સવ કરવો હોય ત્યારે કેટલાએક દિવસોથી તેની પૂર્વ તૈયારી કરી લેવી પડે છે. લગ્નના હસ્તમિલનની એ ક્ષણ સુધારી લેવા માટે આપણે અનેક જાતની પૂર્વ તૈયારી કરવી પડે છે. ઈષ્ટ મિત્રોને આમંત્રણ આપવું પડે. વિધિ કરાવનાર પુરોહિતને બોલાવવો પડે. જમણોની તૈયારી કરવી પડે. વાજાં વગાડનારને બોલાવવા પડે. પરોણાઓના સ્વાગતની અનેક જાતની ગોઠવણો કરવી પડે ત્યારે તે હસ્તમેળાપની ક્ષણ સુધરે. ત્યારે નિદ્રાનો કહો કે ચિરનિદ્રાનો સમય સુધારવો હોય તો તે માટે કાંઈ પણ તૈયારી આપણે ન કરીએ અને ઘડી સુધરી જાય એ કેમ બને ?

નિદ્રાનો ક્ષણ સુધારવો હોય તો જાગૃતિના પ્રત્યેક ક્ષણનો સારામાં સારો ઉપયોગ આપણે કરી લેવો જોઇએ. રોજ ઊંઘતી વખતે દિવસમાં આપણે કેવા કર્મ કર્યા અને તે સારા હતા કે નહીં તેનો મનની સાથે વિચાર કરવો જોઇએ. અને એમાં કોઇ દોષ હોય તો તે આવતી કાલે સુધારી લેવાની તાલાવેલી રાખવી જોઇએ. અને એ રીતે દરેક દિવસ સુધારતા રહીએ તો જ આપણું જીવન આનંદમય થાય અને આપણી અંતિમ ઘડી સુધરે, માટે નિત્ય જન્મ અને નિત્ય મૃત્યુનું રહસ્ય આપણે ઓળખી, આપણો આ જન્મ સફલ થાય એવી ભાવના દરેક મુમુક્ષુના હૃદયમાં જાગે એ જ શુભેચ્છાઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માનવ સંસ્કૃતિ અને મહાવીર

લગભગ અઢી હજાર વર્ષ પહેલાં, આ દેશમાં, મહાવીરનો જન્મ થયો. તેનો જન્મ થયો ત્યારથી વિશ્વની પરિસ્થિતિ અને ચિંતનપદ્ધતિમાં ઘણાં પરિવર્તનો થયાં છે. ઉદાહરણ તરીકે મહાવીરનો યુગ આત્મા અને આત્મસુખની શોધખોળનો યુગ હતો. સાથોસાથ સમાન અધિકાર અને સામાજિક સમાનતાનો તે યુગ હતો. તે યુગમાં સાંસારિક (ભૌતિક) સુખ તરફ ખૂબ જ ઉપેક્ષા સેવવામાં આવતી. અને એમ મનાતું કે દરેક બુરાઇનું ઉત્પત્તિસ્થાન માનવ મન છે. આનાથી બિલ્કુલ વિરોધી આજનો યુગ છે. આજના યુગમાં સાંસારિક સુખને હેય ગણવામાં આવતું નથી તેમજ દરેક બુરાઈનું ઉત્પત્તિસ્થાન સામાજિક અસમાનતાને જ ગણવામાં આવે છે. પરિણામ એ બને છે કે મહાવીરનો યુગ માનસિક ક્રાન્તિમાં શ્રદ્ધા રાખનાર યુગ હતો જ્યારે આજનો યુગ સામાજિક ક્રાન્તિનો યુગ છે.

ઉપર પ્રમાણેની પરિસ્થિતિ અને દૃષ્ટિકોણની ભિન્નતા હોવાથી સહજ પ્રશ્ન ઉઠે કે આજે મહાવીરની પૂજાનું મહત્વ શું ? તેમના વિચારોનો આજના યુગમાં શું ઉપયોગ ? પરંતુ મુખ્ય પ્રશ્ન સમસ્યાની ભિન્નતાનો છે, દૃષ્ટિકોણની ભિન્નતાનો નહીં. પરિસ્થિતિ ગમે તેટલી ફેરવાઈ હોય પણ સમસ્યા તો તે જ છે. આ સમસ્યા 'જીવવાની ઈચ્છા'ની છે. બીજા શબ્દોમાં તેને 'જીજીવિષા' કહી શકાય. માનવજાતિનો ઇતિહાસ આ કામના માટે કરેલા સંઘર્ષનો ઇતિહાસ છે. ધર્મ-કલા અને દર્શનશાસ્ત્રો આ તથ્યના મહત્વપૂર્ણ સાક્ષી છે. પૃથ્વીનું પ્રથમ કોટિનું સત્ય, 'મનુષ્ય જીવવા ઈચ્છે છે, મરવા નહીં' એ છે. કદાચ તેણે મરવાની ઇચ્છા કરી, તો તે પણ અમરતાની પ્રાપ્તિ માટે જ. તે પોતાનાં સુખને છોડવા નથી ઇચ્છતો અને છોડે તો તે પણ શાશ્વત સુખની પ્રાપ્તિ માટે જ. પરાધીનતા તો તેને સ્વપ્નમાં પણ સહ્ય નથી છતાં તેણે ધર્મના બંધનો સ્વીકાર્યાં. અને તે બંધનનો સ્વીકાર પણ અમરલોકમાં સ્વચ્છંદ વિહાર કરવા માટે જ. અને આ બધું જેટલું તે સમયે સાચું હતું તેટલું જ આજે પણ છે.

આ સાથે બીજા પ્રશ્નો પણ છે. પરાધીનતા એ માનવજીવનનો મોટામાં મોટો અવરોધ. માટે જ તુલસીએ કહ્યું કે 'પરાધીન સપને સુખ નાહીં' આપણા સુખ, દુઃખ પર આપણો કાબૂ નથી. જીવનની દોરી કોઇ અદૃષ્ટના હાથમાં છે. અને તેના ઈશારા પર જ આપણી જીવન-પતંગ વિવશ બનીને ભાગ્ય-આકાશમાં આમતેમ ઊડે છે. મનુષ્ય પર તો બેવડા બંધન. એક પ્રકૃતિનાં બંધન જેવાં કે રાગદ્વેષ, માયા, મમતા આદિ અને બીજા માનવબુદ્ધિમાંથી ઉત્પન્ન થતાં બંધનો. એ સત્ય આપણે સ્વીકારીએ કે મહાવીરના યુગમાં આ દેશમાં સામાજિક જીવન આજના કરતાં સરલ હતું. તે સમયે માનવસર્જિત પરાધીનતા આજના જેટલી ન હતી. અને કદાચ આ કારણને લીધે જ તે યુગમાં બુદ્ધિનાં બંધનો કરતાં પ્રકૃતિના બંધનોમાંથી છૂટવાની પ્રવૃત્તિ વધારે હોય. તે સમયના ભારતના પ્રત્યેક ધર્મ કે પંથમાં આ વાત સ્પષ્ટ દેખાય છે.

તે સમયે દુઃખમાંથી છૂટવાના બે માર્ગો હતા. એક માર્ગ-પ્રાર્થના, યજ્ઞ અને બલિદાનનો અને બીજો-તપ, ત્યાગ અને ચિંતનનો. મહાવીરે આમાંથી બીજા માર્ગને અપનાવ્યો. તે કહેતા કે જો પ્રત્યેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્ય જીવવા ઇચ્છતો હોય તો બીજાના ભોગે જીવન-સુખની આશા રાખવી એ ભયંકર ભૂલ છે.

જો મુક્તિનો અર્થ માનવતાનો પૂર્ણ વિકાસ હોય તો તે અહિંસાથી જ થઈ શકે, હિંસાથી નહીં જ. માનવની આધ્યાત્મિક સ્વાધીનતા માટે તેઓ એમ માનતા કે માનવજીવન, તેની આત્મરચના છે માટે તેને કોઈ અજ્ઞાત સત્તાને સોંપી દેવું તે એક પ્રકારની આધ્યાત્મિક પરાધીનતા જ છે. આ રીતની (ઇશ્વરવાદી) પરાધીનતા એ સમયમાં ખૂબ જ પ્રચલિત હતી. અને આજે પણ દુનિયાના મોટાભાગના લોકો આ આધ્યાત્મિક પરાધીનતા પર આસ્થા રાખે છે.

ધરતીનું સત્ય

બુદ્ધ અને મહાવીરે જ ઇતિહાસમાં સર્વપ્રથમ આધ્યાત્મિક સ્વાધીનતાનો નૈતિક અધિકાર દુનિયા સામે મૂકયો. આધ્યાત્મિક સમતા વગર સ્વતંત્રતા નિરર્થક હતી. આ બન્ને વસ્તુઓ એકબીજાની પૂરક છે. સમતા ન હોય તો સ્વાધીનતામાંથી શોષણ અને આર્થિક અસમાનતા પ્રગટે. અને સ્વાધીનતા વિનાની સમતા મનુષ્યને નિર્જીવ–જડ બનાવે. આ માટે જ મુક્તિની વ્યાખ્યા નીચે પ્રમાણે બની. 'માનવની સમતા અને સ્વાધીનતાનો પૂર્ણ વિકાસ એટલે મુક્તિ.'

આજની દુનિયાનો દૃષ્ટિકોણ પહેલાં કરતાં તદ્દન ભિન્ન છે, પરંતુ આજે પણ જીવવા ન ઇચ્છતો હોય એવો કોઈ માનવ હશે ખરો ? અને આ પ્રશ્ન વધારે ભયાનક એટલા માટે બન્યો છે કે આજે જીવવા માટે સાધનો મહાવિનાશનાં જ શોધાય છે. ભિન્નતા એ છે કે આજનો માનવી પહેલાંનાં જેવી 'અદૃશ્ય મુક્તિ' નથી ઇચ્છતો. પરંતુ તેને બદલે તે એવી સમાજરચના ઇચ્છે છે કે જેમાં શોષણ અને વિષમતા ન હોય. બીજાએ આપેલા દાન પર જીવીને મુક્તિ મેળવવા કરતાં એ પોતાની મહેનતનું ફળ ભોગવી શકે. આનો અર્થ એ થયો કે માનવ પોતાનાં બંધનો તોડીને નવી સમાજ-રચના ચાહે છે. અને તે પણ એવી વ્યવસ્થા કે જેમાં શોષણ અને યુદ્ધનો ભય ન હોય.

ખરેખર આ પ્રશ્ન માનવના અસ્તિત્વનો છે. અને તેનું અસ્તિત્વ જગતના અસ્તિત્વ પર નિર્ભર છે. અને દુનિયાના અસ્તિત્વનો આધાર છે જુદા જુદા રાષ્ટ્રોના સહયોગ અને સહઅસ્તિત્વ પર અને આ ત્યારે જ શક્ય બને કે જ્યારે આન્તરરાષ્ટ્રીય વ્યવહારમાં અહિંસા-નું પાલન થાય. અહિંસા માટે એકબીજાના દૃષ્ટિ-કોણને સમજવાની ઉદારતાની જરૂર છે. જ્યાં સુધી વ્યક્તિ કે રાષ્ટ્રના વિચારોમાં ઉત્તેજના અને હિંસા ભરી હોય ત્યાં સુધી વ્યવહારમાં અહિંસાની આશા રાખી શકાય જ નહીં. વિચારની અહિંસાની પહેલી જરૂર છે અને તેને માટે મુખ્ય વસ્તુ છે–અપરિગ્રહ. પરિગ્રહનો અર્થ ચારેકોરથી ભેળું (એકઠું) કરવું. આ વૃત્તિમાંથી જ પૂંજીવાદનો જન્મ થાય. અને તેમાંથી જ સામ્રાજ્યવાદ આવે. વધારે સંચય થાય ત્યારે જીવનરૂપી ફૂલને વાસનારૂપી કીડો કોતરવા માંડે અને છેવટે તે સુકાઈને નષ્ટ થાય. સંગ્રહવૃત્તિમાંથી જ વિરોધ (અંધતા) જન્મે. અને વિરોધમાંથી હિંસા જન્મે. ધાર્મિક કે રાજનૈતિક અથવા મોટા કે નાના સ્વરૂપમાં હિંસા એ હિંસા જ છે. આત્મવિશ્વાસની કમી એટલે હિંસા. માણસને જ્યારે પોતાની નૈતિકતા પર શ્રદ્ધા ન રહે ત્યારે તે સામેવાળા પર આક્રમણ કરે. જ્યારે એક રાષ્ટ્રને પોતાના દર્શન (ફિલોસોફી–ચિંતન) પર અવિશ્વાસ પ્રગટે ત્યારે તે બીજા રાષ્ટ્ર પર હલ્લો કરે.

અહિંસા, વિચાર–સહિષ્ણુતા અને અપરિગ્રહ એ દેખાય છે વ્યક્તિવાદી પરંતુ તેનું લક્ષ્ય વ્યક્તિને બદલે સમષ્ટિ છે, કારણ કે તે બીજાની સંમતિ લઈને જ ચાલે છે. અહિંસા એટલે બીજાને મારવું નહીં. વિચાર–સહિષ્ણુતાનો અર્થ બીજાના વિચારોને આદર આપવો. અપરિગ્રહ એટલે સાધનો અને જરૂરતો ઓછાં કરવાં. સ્વતંત્રતા, સહઅસ્તિત્વ અને શાંતિ માટે આ આદર્શોની જેટલી જરૂર છે તેટલી ભાગ્યે જ દુનિયાને પહેલાં પડી હોય. આ વિચારો કોઈ સંપ્રદાયના ચોકઠાના નથી, કારણ કે એ કોઈ ધર્મ ગ્રંથમાંથી લેવાના નથી તેમજ એ ઈશ્વરની વાણીરૂપે પણ લેવાના નથી. આ તો જીવનના ચિંતનના નિચોડરૂપ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભારતમાં આ આદર્શ તરફ ખૂબ જ આસ્થા છે, પણ માત્ર આસ્થા બહુ મહત્ત્વની ચીજ નથી, પરંતુ આસ્થા સાથે આચરણ પણ જોઈએ. ટૂંકમાં કહું તો આસ્થા અને આચરણનું સમતોલન જોઈએ. આજના યુગના એક લક્ષણ તરીકે સમાજવાદને દુનિયાના દેશોએ અપનાવ્યો છે. હવે પ્રશ્ન માત્ર એ જ રહે છે કે તેને પ્રાપ્ત કેમ કરવો? દમન, બળપ્રયોગ–આતંક આ એક માર્ગ છે અને શાંતિ, અહિંસા, સહયોગ અને પ્રેમ એ બીજો માર્ગ છે. આપણો દેશ બીજા માર્ગ પર જઈ રહ્યો છે અને તેની સફળતા કે નિષ્ફળતા પર દુનિયા એકચિત્તે જોઈ રહી છે. તેથી ભગવાન મહાવીરે હજારો વર્ષ પહેલાં મહામાનવના રૂપમાં જે વિચારો આપણી સમક્ષ મૂક્યાં તે માનવતાને માટે તો આજ પણ તેટલા જ મહત્ત્વપૂર્ણ છે.*

*શ્રમણના પુસ્તક ૧૧, અંક ૭-૮માં આવેલા શ્રી. ડૉ. દેવેન્દ્રકુમાર જૈનના હિંદી લેખનો સાભાર અનુવાદ. અનુવાદક શ્રી હિંમતલાલ ર. યાજ્ઞિક

सुभाषित

असतामुपभोगाय दुर्जनानां विभूतयः ।
पिचुमंदं फलैराढ्यं काकैरेवोपभुज्यते ॥

(દોહરા)

પિચુમંદના ફૂલતણો, કાક કરે ઉપભોગ;
દુર્જનની દોલત પડે, એમ દુષ્ટને ભોગ.

मात्रा स्वस्रा दुहित्रा वा न विविक्तासनो भवेत् ।
बलवानिंद्रियग्रामो विद्वांसमपि कर्षति ॥

(અનુષ્ટુપ)

મા બહેન કે સુતાસંગે બેસો ના કદિ એકલા;
ઇંદ્રિયોના મહાવેગે, ભૂલ્યા છે જન ભલભલા

अप्सु प्लवन्ते पाषाणा मानुषा घ्नन्ति राक्षसान् ।
कपयः कर्म कुर्वन्ति कालस्य कुटिला गतिः ॥

(લલિત છંદ)

ઉદધિમાં અહો પર્વતો તર્યા, મનુજથી મહારાક્ષસો મર્યા;
કુશળ યુદ્ધમાં વાનરો અતિ, કુટિલ છે અરે કાળની ગતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વીકાર

૧. **જૈનસ્તોત્રસંચય**—(પ્રથમ ભાગ) સંશોધક—આચાર્ય મહારાજ શ્રી વિજયમાણિક્યસાગરસૂરિજી મહારાજ, પ્રકાશક—રમણુલાલ જેચંદ શાહ; કપડવંજ, મૂલ્ય : એક રૂપિયો. આ પ્રથમ વિભાગમાં અષ્ટાદશસ્તોત્ર અને પંચકલ્યાણુથોત-એ બે કૃતિઓ આપવામાં આવી છે. આ જ પુસ્તકના અનુક્રમે બીજા તથા ત્રીજા ભાગો પ્રગટ થશે, જેમાં પ્રાચીન કૃતિઓ પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રયાસ આવકારદાયક છે.

૨. **નવી ભકતમાળ** (ભાગ બીજો) અનુ૦ કવિ વલભજી ભાણુજી મહેતા—મોરબી. પ્રકાશક—શ્રી ગોરધનદાસ અમીચંદ મણિયાર—ભાવનગર. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૨૫૦. મૂલ્ય રૂપિયા બે. હિંદી માસિક "કલ્યાણ"માં આવતા ભક્તોના જીવનચરિત્રોનો ગુજરાતી અનુવાદ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. દેવમાલા, ઉપમન્યુ વિગેરે પંદર ભક્તોના જીવનચરિત્રોનો સુંદર આલેખ કરવામાં આવ્યો છે. પ્રયાસ સારો છે.

૩. **લલિતવિસ્તરા** (ચૈત્યવંદન સૂત્રવૃત્તિ) વિવેચનકર્તા ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S. ક્રાઉન આઠ પેજી સાઇઝ, પૃષ્ઠ ૭૬૨, પાકું હોલક્લોથ બાઈંડીંગ, સુંદર છાપકામ છતાં મૂલ્ય માત્ર રૂપિયા નવ. પ્રાપ્તિસ્થાન—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

આધ્યાત્મિક અને ચિંતનપરાયણુ લેખક તરીકે ડો. ભગવાનદાસ આપણા સમાજમાં વર્ષોથી સુપરિચિત છે. દિવ્ય જિનમાર્ગદર્શન, નયવિચાર, વિગેરે ઘણા પુસ્તકો તેઓશ્રીએ પ્રસિદ્ધ કર્યા છે. યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથ તે સર્વમાં કળશરૂપ છે, તેવો જ આ " લલિતવિસ્તરા " નામનો ગ્રંથ છે. મહર્ષિ હરિભદ્રસૂરિજીએ " લલિતવિસ્તરા " નામક ચૈત્યવંદનસૂત્રવૃત્તિ રચી છે.

નમુત્થુણં, અરિહંતચેઈયાણં, અન્નત્થ, લોગસ્સ, પુક્ખરવરદીવડ્ઢે, સિદ્ધાણં-બુદ્ધાણં, વેયાવચ્ચગરાણં અને જયવીયરાય—આ આઠ સૂત્રો ઉપર મહાન તાર્કિક આ. શ્રી હરિભદ્રસૂરિજીએ જે તત્વમંથન કર્યું છે, તેના પરથી જ આ ગ્રંથનું વિશિષ્ટ મહત્ત્વ સમજાયા વિના નહીં રહે. આચાર્ય મહારાજશ્રીએ સુંદર ટીકા રચવા છતાં પ્રાંતે પોતે જ જણાવ્યું છે કે—આવા અર્થગંભીર સૂત્રો પર સંપૂર્ણ સમજાવી શકાય તેવી ટીકા રચવી તે શક્ય નથી એટલે જ લાઘવમૂર્તિ આ. શ્રી હરિભદ્રસૂરિજી એક સ્થળે જણાવે છે કે—**कात्स्न्येन व्याख्यां कः कर्तुमीश्वरः ।**

આવા અજોડ ગ્રંથની ટીકાને સુગમ બનાવવા માટે તેમજ સામાન્ય વાચકો અને બાળજીવો પણ સમજી શકે તે માટે ડો. ભગવાનદાસભાઇએ અતુલ પરિશ્રમ સેવ્યો છે અને આ ગ્રંથ ઉપર પોતાના માતુશ્રીના નામથી "ચિદ્દહેમવિશોધિની" નામની વિવેચનાત્મક સુંદર ટીકા રચી છે. પ્રસંગે પ્રસંગે અન્ય અનેક અવતરણો અને સહાદતો આપીને આ ગ્રંથની ઉપયોગિતામાં વૃદ્ધિ કરી છે. સમગ્ર ગ્રંથને સરળતાથી સમજી શકાય તે માટે વિવેચનકર્તાએ પંચાંગી યોજના કરી છે. (૧) મૂળ, (૨) અવતરણુ, (૩) અનુવાદ (૪) પંજિકાનો અનુવાદ અને (૫) વિસ્તૃત વિવેચન.

આવા ઉપયોગી ગ્રંથ માટે સવિશેષ લખવા કરતાં એટલું જ પર્યાપ્ત ગણાશે કે ગ્રંથની શરૂઆતમાં ડો. ભગવાનદાસભાઇએ આલેખેલ "આમુખ" તથા "ઉપોદ્ઘાત" વાંચી જવા. એકંદરે આ ગ્રંથ વસાવવા અને વિચાર કરવા યોગ્ય છે. પ્રયાસ આવકારપાત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪. જૈન શિક્ષણ પાઠમાળા તથા શ્રી જિનાદિ સ્તુતિસંગ્રહ—સંપાદકો શાન્તમૂર્તિ મુનિ મહારાજશ્રી રૂપચંદ્રજી સ્વામી તથા મુનિરાજશ્રી નવલચંદ્રજી. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૬૦ મૂલ્ય બાર આના.

શ્રી ગુલાબ-વીર-ગ્રંથમાળાના ૩૫ તથા ૫૦ મા પુષ્પ તરીકે પ્રસિધ્ધ થયેલા આ પુસ્તકમાં તેના સંપાદક વિદ્વાન મુનિમહારાજાઓએ બાળજીવોના હિતાર્થે અઠ્ઠાવીશ જેટલા વિવિધ શિક્ષા-પાઠોમાં ઉમદા હિતબોધ રજૂ કર્યો છે. પાછળના વિભાગમાં સ્તુતિ-સંગ્રહમાં મીષ્ટ કાવ્ય-માધુર્ય-વાળી વિધવિધ કૃતિઓ આપી છે જે સહેજે-સહેજે કંઠાગ્ર થઇ શકે તેવી છે. સ્તુતિઓ ઉપરાંત વિવિધ બોધક પદો, ગહુંલીઓ, ધૂનો વિગેરે ઉપયોગી સામગ્રી પીરસી છે. સ્થાનકવાસી લીંબડી સંપ્રદાયના બંને મુનિવરો આવા જનોપયોગી પ્રકાશનો અવારનવાર પ્રસિધ્ધ કરતાં રહે છે, જે આવકારદાયક છે

૫. कृपारस-कोष પ્રેરક આચાર્ય મહારાજશ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ. પ્રકાશક શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ-આગ્રા. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૯૬ મૂલ્ય બાર આના.

સમ્રાટ્ અકબર પ્રતિબોધક જગદ્ગુરુ વિજયહીરસૂરિજી મહારાજશ્રીના પ્રિય પ્રશિષ્ય મહોપાધ્યયશ્રી શાન્તિચંદ્ર ગણિએ આ કાવ્યની ૧૨૮ શ્લોકોમાં સુંદર રચના કરી છે. આ કાવ્યમાં સમાટ્ અકબરના જન્મકાળ તથા શાસનકાળનું રસિક વર્ણન છે જૈન ધર્મથી પ્રભાવિત બનીને સમ્રાટે જે "જીવદયા" પળાવી હતી તથા તેને લગતા જે બાદશાહી ફરમાનો પ્રકટ કર્યા હતા તેનું વર્ણન તથા સચિત્ર ફોટો આપી આ ગ્રંથની ઉપયોગિતામાં વૃધ્ધિ કરી છે. જિજ્ઞાસુએ વસાવવા યોગ્ય ગ્રંથ છે

૬. શ્રી જિનગુણ ભક્તિરસશૃંગાર-પ્રકાશક-શ્રી જૈન સુશીલ મંડળ-હીંગણઘાટ. ક્રાઉન સોળ પેજી સાઇઝ પૃષ્ઠ ૬૦ મૂલ્ય ત્રીશ પૈસા.

આ લઘુ પુસ્તકમાં વિવિધ સ્તવનો તથા ભક્તિરસનાં પદો આપવામાં આવ્યા છે. અત્યારે પ્રચલિત સ્નાત્રપૂજા તથા શાંતિકળશ વિગેરેનો સમાવેશ કરી પુસ્તકને ઉપયોગી બનાવ્યું છે. પ્રયાસ સારો છે.

૭. "અદ્ભુત અને ચમત્કારપૂર્ણ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ" (સચિત્ર)-લેખક પૂજ્ય મુનિમહારાજશ્રી જંબૂવિજયજી મહારાજ. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૧૨૮. પાકું બાઇંડીંગ, આકર્ષક છાપકામ. મૂલ્ય રૂપિયો સવા. પ્રકાશક-શ્રી તીર્થરક્ષક કમિટી. પ્રાપ્તિસ્થાન શ્રી-જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

આ લઘુ છતાં ઐતિહાસિક પુસ્તકમાં જૈન શ્વેતાંબર તીર્થ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથને અંગેનો સુવિસ્તૃત માહિતીપૂર્ણ અહેવાલ આપવામાં આવ્યો છે. પ્રાચીન ઇતિહાસ, તીર્થોત્પત્તિ તથા સંપૂર્ણ વિવેચન રજૂ કરેલ હોવાથી આ પુસ્તક માહિતીપૂર્ણ બન્યું છે. પ્રાચીન છંદો તેમજ પ્રાચીન-અર્વાચીન મંદિર તથા મૂર્તિ સંબંધી વિશ્વસનીય અહેવાલો આપવામાં આવ્યા છે. આ તીર્થમાં વારંવાર દિગંબરી દખલ ઊભી થયા કરે છે, જ્યારે શ્વેતાંબર દિગંબર ઝગડાને અંગે પ્રીવીકાઉંસીલે જે લંબાણ ચૂકદો આપેલ છે, તે અક્ષરશઃ આ પુસ્તકમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

પૂર્વે આપણા જ માસિક "શ્રી આત્માનંદ પ્રકાશ"માં વિદ્વાન મુનિમહારાજશ્રીએ આ તીર્થ સંબંધી જે લેખો ક્રમશઃ પ્રસિદ્ધ કરેલા તે જ આ પુસ્તકકારે પ્રગટ થયેલ છે. શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથજીનો મનોહર આકર્ષક ફોટો, જૂનું મંદિર તથા શ્રી અંતરિક્ષજી જવા માટે માર્ગ સૂચવતો નકશો વિગેરે કલરીંગ શાહીમાં છાપેલ હોવાથી પુસ્તકની સુંદરતામાં વૃદ્ધિ થયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

મનને સતત તપાસતા રહીએ

જીવન શુદ્ધ કરવાની આપણી ઇચ્છા હોય તો આપણે આપણા મનને તપાસવું પડશે. આપણા મનનો વિચારપ્રવાહ જ્ઞાન કે ચારિત્ર્યસિદ્ધિ તરફ છે કે ઇન્દ્રિયોના ભોગો તરફ જાય એ આપણે તપાસવું જોઇએ માણસનો સ્વભાવ જ એવો છે કે તે કંઈ કામ કરે છે તે વિચારપૂર્વક કરે છે. વિચારપૂર્વક જે કંઇ કામ થતું હોય એ જ કર્મ કહી શકાય. ક્રિયા અને કર્મમાં આ મહત્ત્વનો ભેદ છે. બાળક હાથ પગ હલાવે છે એ ક્રિયા છે. વ્યાયામ કરવાવાળા, અમુક ઉદ્દેશથી એવી જ ક્રિયા કરતા હોય તો પણ એ કર્મ બને છે. આપણા વ્યવહારને ક્રિયાના ક્ષેત્રમાંથી કર્મના ક્ષેત્રમાં આપણે આણવાનું છે. આપણી દરેક ક્રિયા જ્યારે કર્મ-રૂપ બનશે ત્યારે આપણા ખાનપાનમાં, આપણા પહેરવેશમાં, આપણા વાચનમાં, આપણા આનંદ મેળવવાનાં સાધનોમાં આપોઆપ ફેરફાર થઇ જશે. આપણો દરેક વ્યવહાર આપણું સમગ્ર જીવન 'જીવનશુદ્ધિ'ના ઉદ્દેશથી જ પ્રોત્સાહિત થતું હશે. આપણે આપણા મનને તપાસતા રહીશું, સાચી દૃષ્ટિથી વિચારતા થઇશું તો સાચું માર્ગદર્શન આપણને થતું જ રહેશે.

આજે સમાજમાં જ્યાં જોઇએ ત્યાં દુઃખ અને કલેશનું વાતાવરણ દેખાય છે. પોતાનાં દુઃખોનાં કારણો શા છે એ આપણે તપાસીશું તો આપણને જણાશે કે એમાંના મોટા ભાગના દુઃખોનું કારણ આપણા સ્વભાવમાં, આપણી આદતોમાં, આપણા ખોટા સંસ્કારોમાં રહેલું છે. એ કારણો સમજાયા પછી પણ એ દોષો ચાલુ રહેતા હોય અને માણસ દુઃખી જ બનતો રહે એમાં માનવતા નથી જ. અનુભવથી પણ જે માણસ શીખે નહિ એવો માણસ તો દયાનો પણ અધિકારી નથી બનતો. હું બધાને કહું છું કે તમે અનુભવથી શીખો. જ્ઞાન પુસ્તકમાંથી મળવાનું નથી, પુસ્તકોમાંથી પણ મનુષ્ય સ્વભાવ પોતાની વૃત્તિ અનુસાર અર્થ કાઢશે. તમારાં દુઃખોનું કારણ સંયમનો અભાવ, સદાચારનો અભાવ અને જીવનના દરેક ક્ષેત્રમાં શુદ્ધિ આણવાની વૃત્તિને અભાવે જ છે.

સંતો અને મહાપુરુષો પોકારીને કહે છે કે 'જાગૃત થાઓ'. ઊંઘમાંથી ઊઠો એવો એનો સંકુચિત અર્થ કરવાનો નથી. ખોટા ભ્રમોમાંથી છૂટવું, ખોટી આદતોમાંથી છૂટવું, વ્યસનો અને પ્રલોભનોમાંથી છૂટવું એ રીતે જાગૃત થવાનું છે. આપણી વાસનાઓ અને તૃષ્ણાઓ, કામ, ક્રોધની આપણી વૃત્તિઓ, આપણા જીવનનો [illegible] સ[illegible]ય 'ચોરી' જાય છે એ રીતે જીવનને તપાસીશું તો આપણે એ જીવનના [illegible]તાં અટકાવી શકીશું. એટલો જ સમય સદ્વૃત્તિથી સાચા કામમાં ખર્ચ્યો હોય તો જીવન સમૃદ્ધ બનશે અને સાર્થકતા અનુભવાશે.

— શ્રી કેદારનાથજી

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ : ભાવનગર.

For Private And Personal Use Only